RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૨૬ તા.૩૦–૧૨–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર:– શ્રી મનિષા મહેન્દ્રકુમાર જાદવની
સામાવાળ :– ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મનિષા મહેન્દ્રકુમાર જાદવની ૧–૧૨–૧૧ અને તા. ૨૨–૧૨–૧૧ ની અરજીથી ટેના.નં.–૧૭બી–૨૧–૦૮૭૧–૦–૦૦૧ અને નોંધ નં.પ્લોટ નં.૪૬૧,૪૬૨ પૈકી પ્લોટ નં.૬૫, ૧૯૮૪–૮૫ ના વર્ષમાં સુગમ સોસાયટી લી., અડાજણ પાટિયા બં નં.૬૫ માં હોલ્ડર તરીકે વીજય ખીમજીભાઈ જાદવના નામ ચાલી રહેલ છે જેનાં દસ્તાવેજી નામફેરનાં પુરાવા આપવા.૧૯૮૩–૮૪, ૧૯૮૪–૮૫ હોલ્ડર તરીકે કે.ડી.જાદવ પહેલા નામ ચાલતું હતુ. તેની માહિતી આપવા બાબત. તથા ૮૪–૮૫ થી ૮૯–૯૦ જે સમયગાળાથી હોલ્ડરનું નામ ફેર થયું તેના પુરાવાની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩૦–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૫૨૬/૨૦૧૧–૧૨

શ્રી મનિષા મહેન્દ્રકુમાર જાદવની તા.૧–૧૨–૧૧ અને તા. ૨૨–૧૨–૧૧ની અરજીથી ટેના.નં.–૧૭બી–૨૧–૦૮૭૧–૦–૦૦૧ અને નોંધ નં.પ્લોટ નં.૪૬૧,૪૬૨ પૈકી પ્લોટ નં.૬૫, ૧૯૮૪–૮૫ ના વર્ષમાં સુગમ સોસાયટી લી., અડાજણ પાટિયા બંને ૬૫ માં હોલ્ડર તરીકે વીજય ખીમજીભાઈ જાદવના નામ ચાલી રહેલ છે જેનાં દસ્તાવેજી નામફેરનાં પુરાવા આપવા. ૧૯૮૩–૮૪, ૧૯૮૪–૮૫ હોલ્ડર તરીકે કે.ડી.જાદવ પહેલા નામ ચાલતું હતુ. તેની માહિતીઆપવા બાબત તથા ૮૪–૮૫ થી ૮૯–૯૦ જે સમયગાળાથી હોલ્ડરનું નામ ફેર થયું તેના પુરાવાની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) ના પત્ર નં. વેસ્ટઝોન/ આરટીઆઈ/ આ.નં./૮૪૩ તા.૧૯–૧૨–૧૧ / પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ/આ.નં./૮૭૭ તા.૨૮–૧૨–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩૦–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો મોકલવા તેમજ વેસ્ટઝોન ૯૨ માં અસ્તિત્વમાં આવ્યું તે પૂર્વે મનપાનું અસ્તિત્વ ધ્યાને લેતાં દફતર ધરાવતાં ખાતા કક્ષાએ તબદીલ કરેલ છે કે કેમ ? કચેરી નવી થતાં જો રેકર્ડ પણ તબદીલ થાય તેમ થયેલ કે કેમ ? હકીકત સહ સ્પષ્ટતા કરવા તથા આકારણી રજીસ્ટર આધારિત માહિતી આપી શકાય તેમ છે કે કેમ? કેટલે અંશે? તે પણ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૪૪૧ તા.૧૧–૧–૧૨ થી ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન) તથા અરજદારને મુળ અરજીથી માંગેલ માહિતી જણાવેલ ન હોઈ તે રજૂ કરવા તથા મળેલ માહિતી સામે મુદ્દા વાર નારાજગીની વિગતો આધાર સહ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૧૦૨૫ તા.૩૦–૧–૧૨ થી મ્યુ. રેકર્ડ ખાતે થી પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ/૧૦૨૬ તા.૩૦–૧–૧૨ થી રેકર્ડ નાશ અંગેની વિગત મંગાવવા લખેલ પત્રની નકલ, નોંધ વિભાગ, રેકર્ડ રુલ્સ ની નકલ, મુળ અરજીની નકલ, અરજદારને પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ/૮૪૩ તા.૧૯–૧૨–૧૧થી આપેલ માહિતીની નકલ, અત્રે મળેલ છે. જયારે અરજદારના તા.૩૧–૧–૧૨ ના પત્રથી વેરાબીલની નકલ, અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોનના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૧૦૭૫ તા.૧૫–૨–૧૨ થી સેકશન ઓફિસર રેકર્ડ તરફથી પત્ર નં. આર.કે./ આ.૫૪૭ તા.૮–૨–૧૨ થી રેકર્ડ નાશ કર્યા અંગેની જાણ કરતા પત્રની નકલ, નોંધ વિભાગ, નાશ કરેલ પોટલાની યાદીની નકલ (પાના નંગ–૪) અત્રે મળેલ છે.

અરજદારની તા.૧–૧૨–૧૧ અને તા.૨૨–૧૨–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી રાંદેર ઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ/૮૪૩ તા.૧૯–૧૨–૧૧ થી સમય અવધિમાં અરજદારને માહિતી પુરી પાડવામાં આવેલ. જે બાબતે અરજદારની અરજીમાં ટેના.નં.–૧૭બી–૨૧–૦૮૭૧–૦–૦૦૧ અને નોંધ નં.પ્લોટ નં.૪૬૧,૪૬૨ પૈકી પ્લોટ નં.૬૫, ૧૯૮૪–૮૫ ના વર્ષમાં સુગમ સોસાયટી લી., અડાજણ પાટિયા બં.નં. ૬૫ માં હોલ્ડર તરીકે વીજય ખીમજીભાઈ જાદવના નામ ચાલી રહેલ છે જેનાં દસ્તાવેજી નામફેરનાં પુરાવા આપવા. ૧૯૮૩–૮૪, ૧૯૮૪–૮૫ હોલ્ડર તરીકે કે.ડી.જાદવ પહેલા નામ ચાલતું હતુ. તેની માહિતી આપવા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તેમના ધ્વારા માંગવામાં આવેલ માહિતી ઉપલબ્ધ રેકર્ડ ની ચકાસણી કરતા અત્રેના રેકર્ડ પર ઉપલબ્ધ નથી. તેવુ જણાવેલ.

અરજદારની તા.૨૨–૧૨–૧૧ ની અરજીમાં ટેના નં.–૧૭બી–૨૧–૦૮૭૧–૦–૦૦૧ અને નોંધ નં.પ્લોટ નં.૪૬૧ ,૪૬૨ પૈકી બં નં.૬૫, સુગમ સોસાયટી અડાજણ પાટિયા ના વેરાની નકલ ,૧૯૮૪–૮૫, ૧૯૮૫–૮૬, ૧૯૮૬–૧૯૮૭, ૧૯૮૭–૧૯૮૮, ૧૯૮૮–૧૯૮૯, ૧૯૮૯–૯૦ જે સમયગાળાથી હોલ્ડરનુ નામફેર થયેલ હોય તેના પુરાવાની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તેમણે માંગેલ માહિતીના અનુસંધાનમાં જણાવવાનું કે રાંદેર ઝોન તા.૧–૫–૧૯૯૨ ના રોજ અસ્તિવમાં આવેલ છે જેથી તેની આગળના વર્ષોની માહિતી રાંદેરઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી.તેવુ જણાવેલ.

અરજદારે ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) ના પત્ર નં. વેસ્ટઝોન/ આરટીઆઈ/ આ.નં./૮૪૩ તા. ૧૯–૧૨–૧૧ / પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ/આ.નં./૮૭૭ તા.૨૮–૧૨–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા. ૩૦–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અરજદારે અપીલ તબકકે ૧૯૮૪–૮૫ થી ૧૯૮૯–૯૦ વેરાની નકલ તથા તે સમય ગાળામાં હોલ્ડરનું નામફેર થયેલ હોય તો પુરાવાની નકલ અંગે રજુઆત કરેલ. અરજદારને અપીલ તબકકે અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૪૧ તા.૧૧–૧–૧૨ થી મુળ અરજીથી માંગેલ માહિતી જણાવેલ ન હોઈ તે રજૂ કરવા તથા મળેલ માહિતી સામે મુદ્દા વાર નારાજગીની વિગતો આધાર સહ રજુ કરવા જણાવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૩૧–૧–૧૨ ના પુરક પત્રમાં ૧. સને ૧૯૮૩–૮૪ થી ૧૯૮૯–૯૦ મ્યુ. વેરા બીલની નકલ, (૨) સૌપ્રથમ હોલ્ડર તરીકે વેરાબીલમાં શ્રી કે.ડી. જાદવ ચાલતુ હતુ હાલ શ્રી વિજયભાલ ખીમજીભાઈ જાદવ ચાલે છે તે નામફેર કયારે થયેલ છે તથા કેવી રીતે થયેલ છે તેના પુરાવાની નકલ આપવા અંગે રજુઆત કરેલ.

જાહેર માહિતી અધિકારીના પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ/૧૦૭૫ તા.૧૫–૨–૧૨ ના પત્રમાં રેકર્ડ નાશ કરવા બાબતે રેકર્ડ વિભાગ તરફથી માહિતી મંગાવવામાં આવેલ. જે સંદર્ભે રેકર્ડની વિગતોની ચકાસણી કરતા અરજદારની અરજીમાં ઉલ્લેખ થયેલ મિલ્કત ટેના. નં.૧૭બી–૨૧–૦૮૭૧–૦–૦૦૧ ની મિલ્કતના નામફેર અંગેના સંબંધિત દસ્તાવેજો સને ૧૯૮૪–૧૯૮૫ ના તુમારો નાશ થયા હોવાનું જણાયેલ છે. તેવુ જણાવેલ છે.

જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અપીલ તબકકે આકારણી રજીસ્ટર કે અન્ય વૈકલ્પિક દસ્તાવેજ આધારે માહિતી આપી શકાય કે કેમ? તે અંગે વિગતો મંગાવેલ પરંતુ જાહેર માહિતી અધિકારી ધ્વારા તે બાબતે કોઈ પક્ષ રજૂ કરેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧–૧૨–૧૧ તથા ૨૨–૧૨–૧૧ની અરજીમાં માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતર ઉપલબ્ધ નહીં હોઈ આપી શકાય તેમ ન હોવાનું જણાવેલ છે તથા તે અંગે દફતર નાશની વિગત રજુ કરેલ છે તેથી અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહે નહી. તેમ છતાં અરજદાર જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં કચેરી કામકાજ દરમ્યાન આગોતરો સમય મેળવી લાગત કાયમી રેકર્ડની દફતરી તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં ફી ભરપાઈ કરવાની રીતે મેળવવા સ્વતંત્ર છે. અરજદારની તેવી માંગણી થયે હુકમની અમલવારી કરવા ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) ને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન) .....જાણ તથા અમલ માટે
(૨) શ્રી મનિષા મહેન્દ્રકુમાર જાદવ,